# શિક્ષકે આદર મેળવવા આદર્શ બનવું પડે

હમણાં જ પ્રાર્થના સભામાં એક તાલીમાર્થિની બહેન “ પરિશ્રમ” પર સુવિચાર બોલ્યા. તેઓ જે કંઇ બોલ્યા તે હકીકતમાં બોલ્યા ન હતા, પણ વાંચ્યું હતું. ત્યારે મારાથી રહેવાયું નહી અને કહેવાયું કે, બહેન, તમે પરિશ્રમ વિશે વાત કરી, પણ અહીં આવીને બોલવા માટે તૈયારી કરવા તમે કેટલો પરિશ્રમ કર્યો? આમ સલાહ આપવી સહેલી છે, પણ પોતાને પાલન કરવાનું આવે ત્યારે ? દરેક વ્યક્તિની એક ટેવ હોય જ છે અને તે છે સલાહ આપવાની. સલાહ આપવામાં ભણેલાથી માંડીને અભણ સુધી દરેક માહિર હોય છે. જેમાંથી શિક્ષક બાકાત ન જ રહે. આમ જોવા જઇએ તો સલાહ આપવી તે શિક્ષકનો ધર્મ ગણાય. છતાં તે સલાહ  વાસ્તવિકતાના પાયા પર ઊભેલી હોય તો જ તે વાજબી ગણાય. બીજાને સલાહ આપનાર કે બીજા જેની પાસે સલાહ લેવા દોડી આવે છે તેવા શિક્ષકો પોતાની બાબતમાં જ તે સલાહનો ઉપયોગ કરવામાં પાછા પડે છે. બીજાના છોકરા-છોકરીને ભણાવનાર શિક્ષકના છોકરા-છોકરીને તે પોતે કેટલા પ્રમાણમાં ભણાવે છે ? એક સંશોધન કરવા જેવું છે કે, શિક્ષકોના બાળકોના અભ્યાસ અંગેનું. શિક્ષકોના બાળકો અભ્યાસમાં ક્યાં છે ? શિક્ષક બન્યા પછી ટયુશનમાં ગળાડૂબ રચ્યો પચ્યો રહેતો શિક્ષક પોતાના બાળકને ભણાવવા માટે એક કલાક પણ ફાળવી શકતો નથી. પોતાના બાળકના શિક્ષણના ભોગે ટયુશન પાછળ દોટ મૂકીને દસ-પંદર વર્ષમાં વીસ-પચ્ચીસ લાખ રૂપિયા ભેગા કરનાર આ શિક્ષકને પોતાના બાળકના ઉચ્ચ અભ્યાસાર્થે ત્રીસ-ચાલીસ લાખ રૂપિયા ડોનેશન અપવું પડે છે. આમ પોતાના બાળકોના અભ્યાસના ભોગે ટયુશન પાછળ ગાંડા થનાર શિક્ષકને અંતે આર્થિક નુકશાન જ જાય છે! જે જે બાબતો માટે અન્ય વાલી પાસે અપેક્ષા રાખનાર શિક્ષક પોતે વાલી તરીકે પોતાના બાળકોની  અપેક્ષા પૂરી કરે છે ખરા ?

વર્ગખંડમાં મોડા આવનાર વિદ્યાર્થીને ધમકાવનાર શિક્ષક પોતે જ વગખંડમાં મોડા પહોંચે તો શું ? શિક્ષકે શાબ્દિક રીતે ભણાવેલા મૂલ્યો વિદ્યાર્થીને ત્યારે જ અસર કરે કે, જ્યારે શિક્ષક તે મૂલ્યોનું પાલન-પોષણ કરતો હોય. શિક્ષકે ઉપદેશ કરતાં ઉદાહરણરૂપ બનાનો પ્રયત્ન કરવો જોઇએ. ઉપદેશમાં કહેવાનું હોય છે, જ્યારે ઉદાહરણમાં કરવાનું હોય છે. કહેવાથી જેટલી અસર થાય તેના કરતાં કરવાની અસર વધારે હશે. વિદ્યાર્થીઓ શિક્ષકને માત્ર સાંભળતા જ નથી, તેઓ શિક્ષકના વર્તનને જૂએ પણ છે. ભલે સૌ શિક્ષકો એમ માનતા હોય કે, વિદ્યાર્થીઓ અમારા વર્તનને ક્યાં જૂએ છે. અરે ભાઇ, વિદ્યાર્થીઓ શિક્ષકના વર્તનને માત્ર જોતાં જ નથી, તેની પર વિવેચન પણ કરે છે. શિક્ષકના એક એક વર્તનની ચર્ચા પ્રાથમિક શાળાના બાળકો પોતાના વાલી સાથે, માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પોતાના મિત્ર વર્તૃળમાં અને કોલેજ કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આખા સમાજમાં કરે છે.આમ વિદ્યાર્થીઓ એટલે શિક્ષકોના કાર્ય કે વર્તન કે વિચારોનું પ્રચાર માધ્યમ છે. આ પ્રચાર માધ્યમને તમારામાં ઓતપ્રત કરવું હોય, પ્રભાવિત કરવું હોય તો માત્ર સારા શબ્દો નહીં ચાલે. તેઓ તમારો આદર કરે તેવું કશુંક કરવું પડશે. આ આદર મેળવવા શિક્ષકે તેમના આદર્શ બનવું પડશે. આ કામ સહેજ પણ અઘરું નથી. વિદ્યાર્થીઓ જો સૌથી વધારે વિશ્વાસ મૂકતા હોય તો તે શિક્ષકો પર મૂકે છે. બસ આ વિશ્વાસને ટકાવી રાખવાનો છે. પછી જૂઓ તેઓ તમારા એકએક શબ્દને કેટલા પ્રેમથી વળગી રહે છે. અહીં બે ઉદાહરણ આપવાની ઈચ્છા થાય છે.

ધોરણ છઠ્ઠામાં અભ્યાસ કરતો એક બાર વર્ષનો વિદ્યાર્થી બિમાર હોવા છતાં દવા પીતો ન હતો. વાલીએ સમજાવટ અને ધમકી બંનેનો ઉપયોગ કર્યો. પણ બાળક એકનું બે ન થયું. અંતે તેના મમ્મી શાળામાં

આવ્યાં અને મને જણાવેલ કે, સર, તમે મારા બાળકને દવા પીવાનું કહોને, તે તમારું માનશે. મેં બાળકને દવા પીવાની વાત પ્રેમથી કરી અને બાળક તે દિવસથી દવા પીવા લાગ્યો ! બીજો કિસ્સો છે, મારી કોલેજમાં અભ્યાસ પૂર્ણ કરીને એક યુવાન લગ્ન કરવા જાન લઇને ગયો. હું પણ લગ્નમાં ગયેલો. યુવાનને સાસરિયા પક્ષેથી કોઇ બાબતમાં ખોટું લાગ્યું. ચોરીમાં આવવાની ના પાડી દીધી. સગાં અને વાલીએ સમજાવવાનો પ્રયત્ન કર્યો તો યુવાને દલીલો કરીને બધાંને પાછાં પાડી દીધાં. હવે શું ? બધાં ચિંતા અને દોડાદોડી કરવા લાગ્યા. તેના વાલી મારી પાસે આવ્યા, વાત કરી. હું યુવાન વરરાજા પાસે ગયો. મેં વાત કરી કે આ શોભતું નથી. તેણે દલીલ કરવાનો પ્રયત્ન કર્યો. મેં દલીલ સાંભળવાની ના પાડી અને ચોરીમાં જવાનો આદેશ પ્રેમથી આપ્યો. તે યુવાન મને પગે લાગીને ચોરીમાં હસતાં મોઢટ બેસી ગયો! તો વળી ગોધરાની કોલેજમાં એક તાલીમાર્થીએ લગ્ન કર્યાના ચાર-પાંચ માસમાં જ તેની પત્નીને છૂટાછેડા આપવાની તૈયારી કરી હતી. આ વાત મેં સાંભળી. તેને બોલાવીને સમજાવ્યો. આજે બાર વર્ષ પછી પણ તે જોડકું સારી રીતે સાથે રહે છે!

ઉપરોક્ત ઉદાહરણો આત્મશ્લાઘા માટે નથી, પણ એ ખાતરી કરાવવા માટે છે કે વિદ્યાર્થીઓને પોતાના શિક્ષક માટે માન-પ્રેમ-આદર હોય તો તેઓ શું નથી કરતાં. વિદ્યાર્થીઓ ત્યારે જ આદર આપે છે કે જ્યારે તમે તેના માટે આદર્શ બન્યા હોવ. મારી દૃષ્ટિએ જે શિક્ષક પોતાની નોકરીના ત્રીસ-ચાલીસ વર્ષમાં પાંચ વિદ્યાર્થી માટે રોલ મૉડલ-આદર્શ બની શક્યો ન હોય તેને પેન્શન આપવું જોઇએ નહીં. શિક્ષક માત્ર નોકરી કરતા હોય ત્યારે જ વિદ્યાર્થીઓ માટે આદરરૂપ કે આદર્શરૂપ હોય છે તેમ માનવાની જરૂર નથી. આજે પણ નોકરી કરતાં કે રિટાયર્ડ થયેલ ઘણાં લોકો પોતાના શિક્ષકને આદર સાથે યાદ કરે છે, તેમના વિશે ચર્ચા પણ કરે છે. આમ શિક્ષકની સુવાસ ત્રીસ-ચાલીસ વર્ષ સુધી નહીં, પણ બે-ત્રણ પેઢી સુધી ચાલતી હોય છે. અન્ય માટે રોલમોડલ બનેલ શિક્ષકો અંદરથી ભરેલા હોય છે. તેમનામાં જીવન જીવવાનો આનંદ અનેરો હોય છે. તેઓ નોકરી કરતાં હતા ત્યારે પણ જીવંત હતા અને રિટાર્યડ થયા પછી પણ જીવંત હોય છે અને મૃત્યુ પછી પણ જીવંત જ રહેતા હોય છે. આવી જીવંતતા મેળવવાની તક શિક્ષક સિવાય અન્ય એક પણ વ્યવસાયમાં મળવી મુશ્કેલ છે. માટે જ શિક્ષકનો વ્યવસાય ઉચ્ચત્તમ વ્યવસાય છે. નસીબદાર વ્યક્તિને જ આવી તક મળે. જેને તક મળી છે તેઓ આજે અને ભવિષ્યમાં પણ જીવંત રહે તેવી અપેક્ષા સહ શુભેચ્છા.